**ફોજ.કેસ નં.  ના કામમાં આંક–૧ લગત હુકમ**

મે. કલેક્ટરશ્રી, સુરતના જાવક નં.એમએજી/ડોરમન્ટ કેસ/વશી. ૧૯૯૪–૫૨/૨૦૨૨ તા.૨૩–૦૬–૨૦૨૨ તથા જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, સુરત/૩૨/૭૫૯/૨૦૨૨ તા.૨૩–૦૬–૨૦૨૨ અન્વયેના હુકમ આધારે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડી કલમ–૩૨૧ અન્વયે સદરહુ કેસ પરત ખેચવાની રજુ કરેલ પુરસીસ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડી કલમ–૩૨૧ તથા સદરહુ ગુનાનું ચાર્જશીટ ધ્યાને લીધુ અને તે ધ્યાને લેતા જાહેર હિતમાં અને ન્યયના વિશાળ હિતમાં સદર કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડી કલમ–૩૨૧ અન્વયે પરત ખેંચવા પરવાનગી આપવી ન્યાયોચિત જણાતી હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડી કલમ–૩૨૧ અન્વયે વિ.એ.પી.પી.શ્રીને સદર કેસ પરત ખેંચવાની પરવાનગી આપી સદરહુ કેસ વિથ્ડ્રોથી ફેસલ કરી ક્રિમીનલ પ્રોસીજર કોડી કલમ–૩૨૧ (ક) અન્વયે આ કામના આરોપી/આરોપીઓને આક્ષેપિત ગુનાઓમાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પોલીસે કબજે કરેલ મુદ્ધામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવુ અને અન્ય મુદ્ધામાલનો નાશ કરવો.

(૩) પોલીસે કબજે લીધેલ મુદ્ધામાલ ઈલેક્ટ્રોનીક સાધનો/મોબાઈલ ફોન/ વાહન તથા અન્ય મુદ્ધામાલ અંગે જો કોઈ વચગાળાન હુકમ કરેલ હોય તો તે કાયમ કરવો અન્યથા તે મુદ્ધામાલની જાહેર હરાજી કરી તેના ઉપજોલ નાણા સરકારશ્રીમાં જમા કરાવવા.

(૪) મુદ્ધામાલ તરીકે જો સોના, ચાંદીના દાગીના તથા હીરા કે અન્ય મુલ્યવાન ધાતુ હોય તો પંચનામાની વિગતે તે તેની માલીકીના જરુરી પુરાવાની ખરાઈ કર્યા બાદ સંબંધીત વ્યક્તિને પરત કરવા અથવા તો અપીલ સમય વિત્યે તેની કાયદેસરની કાર્યવાહી કરી સરકારી મિન્ટમાં જમા કરાવવા હુકમ કરવામાં આવે છે.

(૫) આ સિવાય અન્ય નોન વેલ્યુએબલ મુદ્ધામાલ તથા હથીયારનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ હુકમની સંબંધીત પોલીસ સ્ટેશને યાદી કરી જાણ કરવી.

હુકમ આજરોજ તા. ૧૨ મી માહે નવેમ્બર સને ૨૦૨૨ ની લોક અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૨–૧૧–૨૦૨૨
સુરત.

(હરીશ હસમુખભાઈ વર્મા )
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,સુરત.
(GJ 00821)